ગાંધીનગર સમાચાર

# દહેગામમાં પાટીદારોની મૌન રેલી યોજાઈ







હરસોલી, તા. ૨૧

સમગ્ર ગુજરાતમાં પાટીદારનું અનામત આંદોલન વેગ પકડી રહ્યું છે. રાજ્યમાં ઠેર ઠેર પાટીદારો રેલી યોજી અનામતની માંગ કરી રહ્યા છે. ત્યારે દહેગામના પાટીદારોએ પણ અનામતની માંગ સાથે દહેગામમાં વિશાળ મૌન રેલી યોજી મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું. રેલીમાં ૧૫ હજાર જેટલા પાટીદારો જોડાયા હતા. ગુજરાતમાં ધીમે ધીમે પાટીદારોનું અનામત આંદોલન જોર પકડી રહ્યું છે. પાટીદારો દરરોજ અલગ-અલગ જિલ્લાઓમાં રેલી યોજી રહ્યા છે.

દહેગામ તાલુકામાં પણ આજે પાટીદારોની વિશાળ મૌન રેલી શહેરની નહેરૂ ચોકડી સરદાર ચોક ખાતેથી નીકળી હતી. જેમાં હજારોની સંખ્યામાં પાટીદારો ઉમટી પડ્યા હતા અને તાલુકા સેવા સદન કચેરીએ પહોંચી મામલતદારને આવેદનપત્ર આપ્યુ હતુ. રેલીના રૂટ પર પોલીસે ચૂસ્તપોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો. જેમાં ૧ એએસપી, ૭ પી.આઈ., ૨૫ પી.એસ.આઈ., ૭૦ મહિલા પોલીસ કર્મી અને અન્ય ૪૦૦ પોલીસ જવાનોનો કાફલો ખડકી દેવામાં આવ્યો હતો. દહેગામમાં રેલીને પગલે શાળા કોલેજ અને બજાર માર્કેટ પણ સ્વયંભુ બંધ રહ્યા હતા.

**(અગરસિંહ - હરસોલી)**

## ખૂણે ખાંચરેથી...

● જિલ્લામાં ૨જી અને ૫મી ઓગષ્ટે યોજાયેલ મહિલા આરોગ્ય કેમ્પમાં ૧૨૦થી વધુ મહિલાઓને ચામડીના રોગ જણાયા હતા. આ બે દિવસ દરમ્યાન ૨૦૦૮ મહિલાઓ વિવિધ બિમારીથી પિડાતી જણાઈ હતી.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભા ૨૮મીએ મળશે.

● આજે માણસા ખાતેના ગરીબ કલ્યાણ મેળામાં આમલેટની લારી ચાલુ કરવાની કીટ પણ અપાઈ હતી.

● માણસાના ગરીબ કલ્યાણ મેળામાં પુષ્પોની ફુલદાની પણ મહેમાનોને અપાઈ હતી.

● ગુજરાત યુનિ.ની કોલેજોનો યુવક મહોત્સવ અને પરીક્ષાઓ સાથે સાથે હોવાથી વિદ્યાર્થીઓમાં નારાજગી પ્રવર્તી રહી છે.

● ગુજરાત પબ્લીક સર્વિસ કમિશનની વર્ગ-૧ અને ૨ ની સીધી ભરતી માટેની પ્રિલીમ પરીક્ષામાં ગાંધીનગરના ૧૫૧ થી વધુ પરીક્ષાર્થીઓ પાસ થયા છે.

● જિલ્લાની આંગણવાડીના ૪ બાળકોને મોતિયો જણાતાં તંત્ર હરકતમાં આવ્યું છે.

● સિવિલ હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. કલ્પેશ શાહ તીવ્ર શરદીને લઈ બપોર બાદ રજા પર ઉતરી ગયા હતા.

## હરિની દૃષ્ટિ...

HARIN BHATT



મોટી રેલી યોજાવાની છે... ચેનલનું કવરેજ એવું કરવાનું કે આટલા બધા સમૃદ્ધ લોકો સરકારથી ખુશ થઈ ભેગા થયા છે...!!

# સેક્ટર-૨૯ મુખ્ય શોપીંગ સેન્ટરમાં તસ્કરોનો સપાટો

### એક જ રાતમાં ૬ દુકાનોના તાળા તોડ્યા : તસ્કરોને માત્ર ૧૭ હજારનો મુદ્દામાલ હાથ લાગ્યો



ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૯ ખાતેની મુખ્ય શોપીંગ સેન્ટરમાં રાત્રી દરમ્યાન તસ્કર ટોળકીએ સપાટો બોલાવી દીધો હતો. પોલીસની નાઈટ પેટ્રોલીંગની ઠેકડી ઉડાડી નાંખે તેવી આ ઘટનાથી ચકચાર મચી જવા પામી છે. એક જ રાતમાં ૬ દુકાનોના હથોડી વડે તાળા તોડીને જે હાથમાં લાગ્યુ તે ઉપાડી ટોળકી ફરાર થઈ ગઈ હતી. સે. ૨૧ પોલીસે ગુનો નોંધી તપાસ આરંભી છે.

સેક્ટર-૨૯ મુખ્ય શોપીંગ સેન્ટરને રાત્રી દરમ્યાન તસ્કરોએ ઘમરોળી નાખ્યું હતું. એક પછી એક છ દુકાનોના તાળા તોડીને અંદરથી જે હાથે આવ્યું તે મુદ્દામાલ ઉઠાંતરી કરી ગયા હતા. કોઈની દુકાનમાંથી ૨ કિલો સોપારી તો કોઈની દુકાનમાંથી પરચુરણ ચોરી ગયા છે. ઉજ્જવલ ટ્રેડર્સમાંથી રૂ. ૧૩ હજાર રોકડા ચોરી કરી ગયા હતા. છ દુકાનોના તાળા તસ્કરોએ તોડ્યા પરંતુ માત્ર રૂ. ૧૭,૫૦૦નો મુદ્દામાલ જ હાથ લાગ્યો હતો. નોંધનીય છે કે થોડા મહિનાઓ અગાઉ સે. ૨૯ના અંબાજી મંદિરને પણ તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. સેક્ટર-૨૧ પોલીસને ઘટનાની જાણ થતા ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

# લોકદરબારમાં મહિલા સુરક્ષા મુદ્દે અસરકારક રજુઆત

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં આજે પોલીસ દ્વારા લોક દરબાર યોજવામાં આવ્યો હતો. જેમાં રેન્જ આઈજીપી હસમુખ પટેલે નાગરિકોના પ્રશ્નો અને રજૂઆતો સાંભળી હતી. ગાંધીનગરના અગ્રણી નાગરિકોમાં અરૂણભાઈ બુચ, લત્તાબેન ચોકસી, સુધીરભાઈ જૈન, કમલકિશોર જૈન તથા ચેતનાબેન બુચ સહિત અનેક નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરમાં તાજેતરમાં મહિલાઓની છેડછાડ તથા બાળ ગુનેગારી જેવા ગુનાઓ પ્રકાશમાં આવી રહ્યા છે. આ ઉપરાંત ટ્રાફિકની સમસ્યા અને રીક્ષાચાલકો દ્વારા ભાડામાં કરાતી ઉઘાડી લુંટ વગેરે સમસ્યાઓ પણ વધતી જણાય છે. ત્યારે અગ્રણી કાર્યકર ચેતનાબેન બુચ દ્વારા લોક દરબારમાં વિવિધ રજૂઆતો કરવામાં આવી હતી. તેમણે સે. ૨૧ શોપીંગ સેન્ટર, શાકમાર્કેટ, નગરના મુખ્ય બસસ્ટેન્ડ વગેરે જેવી જાહેર જગ્યાઓ પર સિવીલ ડ્રેસમાં મહિલા પોલીસ તૈનાત કરી મહિલાઓની છેડતી કરતા તત્વોને ઝબ્બે કરવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત ચોમાસા બાદ સેક્ટરોના માર્ગો આસપાસ ઝાડીઓની ગીચતા વધતા પોલીસે વન વિભાગ સાથે સંકલન સાધી સમયસર વૃક્ષોનું ટ્રીમીંગ કરાવવું જેથી સાંજના સમયે અંધકારની આડશે આચરાતા ગુના પર નિયંત્રણ સાધી શકાય. આ સાથે તેમણે રીક્ષાચાલકો દ્વારા ભાડામાં કરાતી ઉઘાડછોગ લૂંટ તેમજ નગરમાં બાળ ગુનેગારી નાથવા પણ ધ્યાન આપવા અનુરોધ કર્યો હતો.

ચેતનાબેન બુચ દ્વારા પોલીસને શહેરની સ્કૂલોમાં ટ્રાફિકના નિયમો શિખવાડતી બુકલેટ આપી બાળકો માટે રોડસેફ્ટીનો છ માસિક કોર્સ ચલાવવા પણ ભલામણ કરી હતી. જેથી નગરમાં વધી રહેલા અકસ્માતોને ભવિષ્યમાં અટકાવવામાં મદદરૂપ થઈ શકાશે તેવી આશા વ્યક્ત કરી હતી.

# શાકભાજીના ભાવ વધતા રસોઈનો સ્વાદ ફીક્કો પડયો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં લીલા શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે. નગરની ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ ગયુ છે. દર વર્ષે શાકભાજીના ભાવ આ સિઝનમાં વધતા જોવા મળે છે. ઓછા ઉત્પાદનને પગલે માર્કેટમાં શાકભાજીની આવક ઓછી હોવાના કારણે ભાવમાં વધારો થાય છે. તેવુ રટણ વેપારીઓ કરી રહ્યા છે. નગરના શાકમાર્કેટમાં મહિલાઓ શાકના ભાવ સાંભળીને ચિંતિત બની છે. તેમ છતા ના છુટકે મોંઘી શાકભાજી ખરીદવી પડે છે. શાકભાજીના ભાવ આસમાને જતાં ઘરમાં બનતી રસોઈનો સ્વાદ ફીકો બન્યો છે.

| રીટેલ ભાવ | ૧ કિલોના ભાવ |
|---|---|
| ચોળી | ૪૦ |
| ગલકા | ૪૦ |
| ટીંડોડા | ૬૦ |
| રવૈયા | ૬૦ |
| ગવાર | ૬૦ |

શાકભાજી બજાર પણ શેરબજાર જેવુ બની ગયું છે. કયારે ભાવ વધે અને કયારે ઘટે કોઈ કહી ના શકે. શહેરના શાક માર્કેટમાં છેલ્લા થોડા મહિનાથી ધરખમ ભાવ વધારો જોવા મળ્યો છે. વર્ષ દરમિયાન ૩૦થી૫૦ રુપીયામાં વેચાતા લીલા શાકભાજી અત્યારના સમયે ૫૦થી૮૦ ના ભાવે વેચાણ થાય છે. માર્કેટમાં શાકભાજીની ઓછી આવકના કારણે ભાવમાં ભડકો થાય છે. શહેરના સેકટર-૨૧,૨૪, અને ૭માં શાકના ભાવ સાંભળીને મહિલાઓ કચવાતા મને ના છુટકે શાક ખરીદતી નજરે પડે છે. જયારે ગરીબોની કસ્તુરીના ભાવ જાણીને તો ભલભલાની આંખમાં આસુ આવી જાય છે. વરસાદની સિઝનમાં જોવા મળતા કંકોડા ૮૦ રુપીયેના કીલોના ભાવે વેચાય છે. શાકભાજીના આસમાનને આંબતા ભાવને કારણે દરેક વ્યકિતના ઘરમાં રોજ બરોજ શું શાક બનાવવું તેની મથામણ ચાલે છે. જયારે ભોજનમાં પીરસાતા અવનવા શાક અત્યારે હાલ થાળીમાંથી ગાયબ થઈ ગયા છે. જેને પગલે રસોઈનો સ્વાદ ફીક્કો પડયો છે.

## બાલા હનુમાનજી મંદિરમાં મહા આરતીનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

શહેરના સેક્ટર-૨ ખાતે બાલા હનુમાનજી મંદિરમાં આગામી તા. ૨૪ ઓગષ્ટના રોજ શ્રાવણી સોમવાર હોવાથી માટીમાંથી (ઈકો ફ્રેન્ડલી) મહાકાલેશ્વર શિવલીંગની સ્થાપના કરવામાં આવી છે. મહા આરતી સાંજે ૭.૩૦ કલાકે રાખવામાં આવી છે. નગરના સૌ શિવભક્તોને મહાઆરતીનો લાભ લેવા ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યું છે.

## ભારત વિકાસ પરિષદ દ્વારા રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

સેકટર-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે ભારત વિકાસ પરિષદ દ્વારા તા. ૨૩ ઓગષ્ટના રોજ સવારે ૯-૦૦ કલાકે રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા યોજાશે. જેમાં ગાંધીનગરની ૨૨ જુદી જુદી શાળાઓ આ સ્પર્ધામાં ભાગ લેશે. કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે શૌર્ય ચક્ર-સેના બ્રિગેડીયર ઈન્દ્રજીતસિંહ તેમજ મહેમાન પદે યશ મલીક ઉપસ્થિત રહેશે. શહેરની દેશપ્રમી જનતાને આ કાર્યક્રમમાં હાજર રહેવા અનુરોધ કરવામાં આવેલ છે.

# પ્રખર અર્થશાસ્ત્રી સ્વ. સનત મહેતાને બ્રિજેશ મેરજાની અંજલી

ગાંધીનગર, તા. ૨૧

જાહેર અગ્રણી અને લાયન્સ ક્લબ ઓફ મોરબી સીટીના વાઈસ ચેરમેન બ્રિજેશ મેરજાએ રાજ્યના પૂર્વ નાણા પ્રધાન અને અર્થશાસ્ત્ર ક્ષેત્રે દીવાદાંડી સમાન સદ્‌ગત સનત મહેતાને ભાવાંજલિ અર્પતા જણાવ્યું હતું કે જાહેર જીવનમાં મૂલ્યોનો ધ્વંશ થઈ રહ્યો છે. તેવા કપરા સમયે સનત મહેતાની વિદાય વસમી બની રહે તે સ્વાભાવિક છે. જાહેર જીવનમાં તેમણે જીવનપર્યંત મૂલ્યો જાળવી રાખેલા સરદાર સરોવર નર્મદા નિગમના અધ્યક્ષ તરીકેની તેમની કામગીરી નર્મદા અવતરણ માટે દિશા સૂચક રહી હતી. મૂળ ભાવનગર જિલ્લામાંથી સમાજવાદી રંગે રંગાઈને જાહેર સેવામાં ઝંપલાવી વડોદરાને કર્મભૂમિ બનાવી અનેક રચનાત્મક સંગઠનો થકી લોકઉપયોગી કાર્યો કરી પ્રજાના હામી બન્યા હતા. સાથોસાથ અર્થશાસ્ત્રી તરીકે સાંપ્રત પ્રવાહોના ક્ષીર-તીરને તેમના લેખો પ્રવચનો દ્વારા પ્રજા જાણકારી માટે આજીવન મથતા રહ્યા હતા. તેમના અવસાનથી ગુજરાતે એક મૂલ્યનીષ્ઠ લોક સેવક ગુમાવ્યાની લાગણી અનુભવી છે.



**રખડતા ઢોર :** શહેરમાં શિરદર્દ બની રહેલી રખડતા ઢોરની સમસ્યા ઘેરી બનતી જાય છે. મુખ્ય માર્ગો પર વાહનચાલકો માટે અવરોધક બનતી રખડતા ઢોરોની સમસ્યા માટે અનેક વખત રજૂઆતો છતાં કોઈ પગલાં ભરાતા નથી, એ કમનસીબની બાબત છે. **(તસવીર : દિપક જાની)**

# સ્વ. સનત મહેતાને એકસ એમએલએ કાઉન્સિલની ભાવભીની શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત એકસ એમ.એલ.એ. કાઉન્સિલના સ્થાપક સ્વ. સનતભાઈ મહેતાના નિધનથી સંસ્થામાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી. નર્મદા આંદોલન વખતે મેધા પાટકર સામેની લડતમાં પ્રેરણાસ્ત્રોત તરીકે તેમજ જીવનના અંતિમ શ્વાસ સુધી સમાજના ગરીબ તેમજ જરૂરિયાતમંદ વર્ગના લોકોની પડખે ઉભા રહી લોકોની સેવામાં પોતાનું જીવન સમર્પિત કરનાર તેવા પ્રબળ અર્થશાસ્ત્રી અને સફળ નાણામંત્રી હતા.

સ્વ. સનતભાઈ મહેતાના અવસાનથી કાઉન્સિલે સક્રિય તથા માર્ગદર્શન પુરું પાડતા પીઠબળ ગુમાવ્યું હોવાની દુઃખદ લાગણી જાહેર કરી હતી. સંસ્થાના ચેરમેન શંકરલાલ ગુરુ અને સભ્યો દ્વારા શ્રધ્ધાંજલિ સાથે પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરાઈ હતી.

# આજે કોંગ્રેસ દ્વારા દલિત એકતા સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા સે. ૬માં રોહિતદાસ સેવા સમાજ ખાતે દલિત એકતા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં આગામી સ્થાનિક પંચાયતોની ચૂંટણીઓમાં કોંગ્રેસના ઉમેદવારોને વિજયી બનાવવા કાર્યકરોને આહવાહન કરાશે.

દલિત એકતા સંમેલનમાં ઉદ્‌ઘાટક તરીકે કોંગ્રેસી પક્ષના અનુસૂચિત જાતિ વિભાગના રાષ્ટ્રીય અધ્યક્ષ કે. રાજુ, વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, અનુસૂચિત વિભાગના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ નૌષાધ સોલંકી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી તથા પ્રવિણ રાષ્ટ્રપાલ, લાખાભાઈ ભરવાડ, સૂર્યસિંહ ડાભી તથા કૌશિક શાહ સહિત અગ્રણી કોંગ્રેસ હોદ્દેદારો ઉપસ્થિત રહેશે.

# કુદરતી આપત્તિમાં પશુઓના જતન માટે સરકાર પ્રતિબદ્ધ

ગાંધીનગર, તા. ૨૧

કૃષિ અને પશુપાલન મંત્રી બાબુભાઈ બોખિરીયાએ જણાવ્યું છે કે, કુદરતી આપત્તિ જેવી કે, અતિવૃષ્ટિ વાવાઝોડુ, ધરતીકંપ અને દુષ્કાળના સંજોગોમાં પશુઓનું જતન અને સંરક્ષણ થાય તે ખાસ કરીને આવા સંજોગોમાં પશુઓના આરોગ્યની સવિશેષ કાળજી લેવાય તે માટે રાજય સરકાર પ્રતિબદ્ધ છે. ગાંધીનગર ખાતે તાજેતરમાં યોજાયેલ રોલ ઓફ વેટરનરીયન ઈન પ્રી એન્ડ પોસ્ટ ડીઝાસ્ટર મીટીગેશન વિષયક એક દિવસીય સેમિનારને સંબોધતા મંત્રી બાબુભાઈ બોખિરીયાએ ઉમેર્યુ હતું કે, ગુજરાતને આપત્તિ સમયે અને આપત્તિ બાદ બચાવ-રાહતના ત્વરિત પગલાંઓ માટે સમયબદ્ધ આયોજન કર્યું છે અને તેના પરિણામ સ્વરૂપે જ્યારે પણ કુદરતી આફતો આવે ત્યારે રાજય સરકારના હકારાત્મક અભિગમના કારણે પશુઓને મોટું નુકસાન થતું નથી. સાથે સાથે ડીઝાસ્ટર બાદ ૫ પશુઓમાં રોગચાળો ન થાય તે પણ આગોતરૂ આયોજન અને સમયસુચકતાના વિવિધ પગલાં લીધા છે. તાજેતરમાં અમરેલી તથા ઉત્તર ગુજરાતમાં થયેલ અતિવૃષ્ટિ સમયે પણ રાજય સરકારના સમયબદ્ધ પગલાને કારણે આપણે અનેક પશુઓને બચાવી શક્યા છીએ. આ સેમિનાર આગામી સમયમાં આફતના સમયે શું શું કાળજી અને કેવા પ્રકારનું આયોજન કરવું તેના નિર્ણય માટે ફાળદાયી નિવડશે તેવી આશા વ્યક્ત કરી હતી. આ સેમિનારમાં કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ એમ સી વાશ્રેય એ પણ પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું.

# રમત ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનારને એવોર્ડ અપાશે

રાજ્યના યુવાનો રમત ગમત પ્રવૃત્તિઓમાં વધુ ભાગ લે તે માટે અને તેમને પ્રોત્સાહિત કરવા માટે પ્રતિવર્ષ રમતગમત ક્ષેત્ર વિશિષ્ટપ્રદાન કરનાર રમતવીરોને યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા એકલવ્ય સીનિયર-જુનિયર, સરદાર પટેલ જુનિયર-સીનિયર જયદીપસિંહજી જુનિયર-સીનિયર કેટેગરીમાં એવોર્ડ આપવામાંઆવેછેતેમાટેવર્ષ ૨૦૧૪-૧૫ના એવોર્ડ માટે અરજીઓ મંગાવાઈ છે. રસધરાવતા રમતવીરોએ નિયત નમૂનાના અરજી ફોર્મ જે તે જિલ્લાની રમતગમત કચેરીએથી જાહેર રજાના દિવસો સિવાય કામકાજનાચ કલાકો દરમિયાન મેળવીને સંપૂર્ણ વિગતો સાથે જિલ્લા રમતગમત અધિકારીને ૩૧મી ઓગસ્ટ ૨૦૧૫ સુધીમાં મોકલી આપવાના રહેશે. સમયમર્યાદા બાદ મેળવી અરજીઓ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં અને અગાઉ જે ખેલાડીએ અરજી કરી હોય તેઓ બીજી વાર અરજી કરવી નહીં.

આંતરરાષ્ટ્રીય કક્ષાની ખુલ્લા વિભાગની સ્પર્ધાની સિદ્ધિ માટે એકલવ્ય સીનિયર એવોર્ડ માટે રૂપિયા એક લાખ, આંતરરાષ્ટ્રીય કક્ષાની જુનિયર/ સબ જુનિયર કક્ષાની સ્પર્ધાની સિદ્ધિ માટે એકલવ્ય જુનિયર એવોર્ડ માટે રૂપિયા ૫૦ હબજાર, રાષ્ટ્રીય કક્ષાની ખુલ્લા વિભગાની સ્પર્ધાની સિદ્ધિ માટે સરદાર પટેલ સીનિયર એવોર્ડ માટે રૂપિયા ૫૦ હજાર, રાષ્ટ્રીય કક્ષાની જુનિયર-સબ જુનિયર કક્ષાની સિદ્ધિ માટે સરદાર પટેલ જુનિયર એવોર્ડ માટે રૂપિયા ૨૫ હજાર, રાજ્ય કક્ષાની ખુલ્લા વિભાગની સ્પર્ધાની સિદ્ધિ માટે જયદિપસિંહજી સીનિયર એવોર્ડ માટે રૂપિયા ૨૦ હજાર અને રાજ્ય કક્ષાની જુનિયર સબ જુનિયર એવોર્ડ માટે રૂપિયા ૧૦હજાર રોકડ પુરસ્કારથી સન્માનિત કરાશે.